
NAYARA
ENERGY

# પ્રોજેક્ટ તુષ્ટી

## દેવભૂમિ દ્વારકા -પોષણના અભાવ અંગે આલેખન



ઘણા લોકો માટે પવિત્ર ગણાતી આ ભૂમિ અમારા માટે ખૂબ જ મૂલ્યવાન છે, દેવભૂમિ દ્વારકા હંમેશાં નયારા એનર્જી માટે અમારા અસ્તિત્વની આધારશીલા રહી છે. અમે જયારથી આ પ્રદેશમાં ભારતની બીજા નંબરની સૌથી મોટી સીંગલ સાઈટ રિફાઈનરીનો પાયો નાખ્યો ત્યારથી નયારા એનર્જી પર્યાવરણ, આરોગ્ય અને પોષણ તથા શિક્ષણ ક્ષેત્રે નિરંતર ચાલતા વિકાસના પ્રોજેકટ મારફતે અહીંના સમુદાયોની સહયોગી બનીને અહીંના સમુદાયોની જીવનની ગુણવત્તા સુધારવામાં પાયાની ભૂમિકા ભજવી રહી છે.

માનવ અધિકારો પૂર્ણ રીતે ભોગવી શકાય તે માટે અને ખાસ કરીને એકથી બીજી પેઢી સુધી પોષણના અભાવના કુચક્રમાં સપડાયેલા બાળકો, કન્યાઓ અને મહિલાઓના ગૌરવ માટે પોષણના અભાવની સ્થિતિ નાબૂદ કરવાનુ ખૂબ જ મહત્વનું બની રહે છે. માતા અને બાળકોના આરોગ્ય તથા તેમના અસ્તિત્વને ટકાવી રાખવા માટે પોષણ ઘણું મહત્વનુ બની રહે છે. ભારત સરકાર પોષણ અંગેના પડકારો ઉપાડી લેવા માટે સજ્જ છે અને સરકારે સાતત્યપૂર્ણ વિકાસના ધ્યેય (SDGs) હાંસલ કરવા માટે ઘણી નીતિઓ અને વિવિધ પહેલ હાથ ધરી છે.

નયારા એનર્જી સમાવેશી વિકાસને આગળ ધપાવે છે અને પોતાના લાભાર્થીઓને મૂલ્ય પૂરૂં પાડવાની કામગીરી એમાં કેન્દ્ર સ્થાને છે. નયારા એનર્જી ગુજરાત સરકાર સાથેની ભાગીદારીમાં પ્રોજેકટ તુષ્ટિનો પ્રારંભ કરતાં આનંદ અનુભવે છે.

વર્ષ ૨૦૧૯ના વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં નયારા એનર્જી ગુજરાત સરકાર સાથેની ભાગીદારીમાં એક સાચા અર્થમાં અનોખા પબ્લીક-પ્રાઈવેટ પાર્ટનરશીપના પ્રોજેકટ વડે દ્વારકા જીલ્લાને પોષણના અભાવથી મુક્ત જીલ્લો બનાવવાના મહત્વના ધ્યેયને સાકાર કરવાની અપેક્ષા રાખે છે.

સસ્નેહ,

**બી. આનંદ**

એક એવી ભૂમિ કે જેણે વૈદિક યુગો પહેલા સમૃધ્ધિ નિહાળી છે, આપણા અસ્તિત્વના મૂળમાં દ્વારકા ખુબજ પવિત્ર છે. "પ્રોજેકટ તુષ્ટિ" એ નયારા એનર્જીનો ગુજરાત સરકાર સાથે ભાગીદારીમાં પ્રયાસ છે. જેમાં દેવભૂમિ દ્વારકાના સમાજ અને લોકોના પોષણના પરિમાણોને સુધારવા, આ વિસ્તારને પોષણ મુકત સ્થિતિએ પહોંચાડવા અને તેઓને વ્યવહારક્ષમતાની પૂર્ણપણે અનુભૂતિ કરાવવાનું કાર્ય કરાશે.

સંસ્કૃત શબ્દ "સંતુષ્ટિ" પરથી "તુષ્ટિ" ઉતરી આવેલું નામ છે, તે પરિપૂર્ણતા અને સુખાકારીનું સૂચન કરે છે. અમે માનીએ છીએ કે, સાથે મળી કામ કરીને અને સંગઠનમાં જોડાઈને આપણે સંતુષ્ટિ-એક સંપૂર્ણ પોષિત ભારતની પરોઢને પામી શકીએ છીએ.



આરોગ્ય અને પોષણ એ આપણી સરકારના પ્રાથમિકતાના ક્ષેત્રો છે. સર્વગ્રાહી અને નવા ભારતના નિર્માણમાં આરોગ્ય મહત્વના ક્ષેત્રોમાં સ્થાન ધરાવે છે. "કુપોષણમુક્ત ભારત"નો દરજ્જો હાંસલ કરવું એ અમારા વિઝનનો અભિન્ન ભાગ છે.

શ્રી નરેન્દ્ર મોદી,
માનનીય વડાપ્રધાનશ્રી

(વડાપ્રધાનશ્રી ના દર મહિને આવતા રેડિયો કાર્યક્રમ "મન કી બાત" માં પોષણ માસ પર)



"એક અભિયાન જેવો પ્રયત્ન કે જેમાં માત્ર સરકાર જ નહિ પરંતુ તમામ હિતધારકોની જરૂર છે અને રાજ્ય સરકાર ગુજરાતમાં કુપોષણ નાબૂદ કરવા માટે પ્રતિબદ્ધ છે."

શ્રી વિજયભાઈ રૂપાણી
માનનીય મુખ્યંત્રીશ્રી, ગુજરાત રાજ્ય

(કુપોષણ મુક્ત ગુજરાત મહા અભિયાન પર)

# પોષણની વૈશ્વિક જરૂરિયાતો અંગે સમજ

દુનિયા આજે એક તરફ કૃષિમાં મબલક પાકની સ્થિતિ અને બીજી તરફ વ્યાપક ભૂખમરો અને પોષણના અભાવની સ્થિતિ જેવી લાક્ષણિકતાઓ ધરાવે છે. પોષણનો અભાવ એ એક મહત્વનો પડકાર છે. તેના નિવારણ માટે વ્યાપક માનવ પ્રયાસો અને આર્થિક ખર્ચ આવશ્યક બને છે. પોષણના અભાવને કારણે દુનિયામાં વિકાસને અવરોધ નડે છે અને સ્વિકારી શકાય નહીં તેવી માનવ સમસ્યાઓ ઉભી થાય છે.



**1/3**
પ્રસૂતિ ધારણ કરી શકે તેવી એક તૃતિયાંશ મહિલાઓ એનિમિયાનો ભોગ બની છે

**39%**
દુનિયાના ૩૯ ટકા પુખ્ત વયના લોકો અતિ મેદસ્વીતા અથવા તો સ્થૂળતાનો સામનો કરી રહ્યા છે

**2 Cr**
બાળકો ઓછા વજનના જન્મે છે

> ‘પોષણ એ વિકાસનું નિર્માણ કરનાર અને વિકાસનું નિર્દેશક છે. બહેતર આહાર આરોગ્ય, શિક્ષણ, રોજગારી અને મહિલા સશક્તિકરણ માટેનું પ્લેટફોર્મ બનીને ગરીબી તથા અસમાનતાનું નિવારણ કરે છે અને તે શાંત, સ્થિર અને સુરક્ષિત સમાજ માટેનો પાયો બની શકે છે.’
>
> બાન કી- મૂન, યુનાઈટેડ નેશન્સ ૮મા સેક્રેટરી જનરલ



# આહાર સુરક્ષા હાંસલ કરવાનો વૈશ્વિક સંદેશ

સાતત્યપૂર્ણ વિકાસના કેટલાક ધ્યેય હાંસલ કરવા માટે ઈષ્ટતમ આહાર જરૂરી છે. સાતત્યપૂર્ણ વિકાસના ઘણાં ધ્યેય આહાર સુરક્ષાને અસર કરે છે. આ રીતે પોષણને આ પ્રકારના ધ્યેય અને નિર્દેશકો તથા ધ્યેય-૨ થી આગળ વધારી શકાય છે. તે ભૂખનું નિવારણ કરે છે અને સફળતા માટે બહુમુખી પોષણ સુરક્ષા અભિગમની જરૂરિયાત દર્શાવે છે.







સાતત્યપૂર્ણ વિકાસનાં ધ્યેય (SDGs) યુનાઈટેડ નેશન્સના સભ્ય દેશોએ એક સાર્વત્રિક અનુરોધ તરીકે ગરીબી નિવારણના પગલાં માટે વર્ષ ૨૦૧૫માં અપનાવ્યા હતા. એમાં ધરતીની સુરક્ષા અને લોકો ૨૦૩૦ સુધીમાં શાંતિ અને સમૃધ્ધિ માણી શકે તેવો ધ્યેય રાખવામાં આવ્યો છે.

# ભારતની પોષણલક્ષી જરૂરિયાતો હલ કરવી

ભારતે કુપોષણ સામે લડતને સર્વોચ્ચ અગ્રતા આપી છે. આ મુદ્દામાં મહત્વની બાબત માતા અને બાળકોની પોષણના અભાવની સ્થિતિ શક્ય તેટલી વહેલી નિવારીને કિશોર કન્યાઓ અને મહિલાઓનો આ ચક્રમાં શક્ય તેટલો સમાવેશ કરવાનો હેતું છે. પોષણનો અભાવ એ અપૂરતો આહાર લેવાનું પરિણામ છે. આ ઉપરાંત રોગો અને ચેપ નિયંત્રણા માટે અપૂરતાં પગલાં લેવાથી પણ આ સ્થિતિ ઉભી થાય છે.

ભારત સરકારે વ્યાપક સ્વરૂપે રાષ્ટ્રીય કાર્યક્રમો ઘડી કાઢ્યા છે, જેનાથી પોષણનાં પરિણામો સુધારવામાં યોગદાન પ્રાપ્ત થશે અને ચોક્કસ પ્રકારનું પોષણ વધે તેવા અન્ય પગલાં લઈને નડતા અવરોધો હલ કરી શકાશે. આ સ્થિતિમાં સુધારા છતાં પોષણના અભાવની સ્થિતિ વ્યાપક છે. દેશમાં હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણમાં નીચેની બાબતોમાં તાત્કાલિક પગલાં ભરવાનું સૂચન કરવામાં આવ્યું છે.



૫ વર્ષથી ઓછી વયના બાળકોનો મૃત્યુદર દર **૧૦૦૦ બાળકે ૩૯નો છે** (૨૦૧૬ના આંકડા મુજબ)

૫ વર્ષથી ઓછી વયના **૩૮ ટકા** બાળકોનો વિકાસ રૂંધાય છે. (એનએફએચએસ-૪, ૨૦૧૫-૧૬)

૫ વર્ષથી ઓછી વયના **૩૬ ટકા** બાળકો ઓછું વજન ધરાવે છે. (એનએફએચએસ-૪, ૨૦૧૫-૧૬)

દર બે **સગર્ભા** મહિલાઓમાંથી એક મહિલા કુપોષણનો ભોગ બનેલી હોય છે. (એનએફએચએસ-૪, ૨૦૧૫-૧૬)

# ભારતમાં પોષણ પૂરૂં પાડવાનું- પોષણ અભિયાન

ભારત સરકારે સમગ્રલક્ષી પોષણની યોજના અથવા તો પોષણ અભિયાન અથવા નેશનલ ન્યૂટ્રીશન મિશન હાથ ધર્યું છે. બાળકો, સગર્ભા મહિલાઓ અને બાળકોને દૂધ આપતી મહિલાઓમાં પોષણનાં પરિણામો સુધારવાનો આ ફ્લેગશીપ કાર્યક્રમનો ઉદ્દેશ છે.

- એન્ટી-નેટલ ચેક-અપ, સગર્ભા મહિલા માટે પોષણ, હોસ્પિટલમાં ડીલીવરી
- બ્રેસ્ટ ફીડીંગની વહેલી શરૂઆત
- પૂરક આહાર અને ફીડીંગ
- સંપૂર્ણ રસીકરણ અને વિટામીન-એ અને કેલ્શિયમ પૂરક આહાર તરીકે આપવાનો કાર્યક્રમ
- વિકાસનું મોનિટરીંગ અને પ્રોત્સાહન
- બાળકો, કિશોર વયની કન્યાઓ અને મહિલાઓમાં એનિમિયા થતો રોકવો. આહાર, આઈએફએ, ડી-વોર્મિંગ
- આહારમાં વિટામીનનો ઉમેરો અને માઈક્રોન્યૂટ્રીયન્ટ
- ડાયેરીયાની સારવાર
- કન્યા શિક્ષણ, આહાર અને યોગ્ય ઉંમરે લગ્ન
- સ્વચ્છતા, સેનિટેશન અને પીવા માટેનું શુધ્ધ પાણી


ગુજરાત વિસ્તારની દ્રષ્ટિએ પાંચમાં નંબરનું સૌથી મોટું રાજ્ય છે. ગુજરાત સૌથી વધુ ઔદ્યોગિક વિકાસ ધરાવતા રાજ્ય તરીકેની ઓળખ ધરાવે છે. ભારતની કુલ વસતિનો પાંચ ટકા હિસ્સો ધરાવતું ગુજરાત ભારતના માલ-સામાનની નિકાસમાં ૨૫ ટકા હિસ્સો ધરાવે છે. આ આર્થિક વિકાસનો યશ છેલ્લા દાયકામાં ગુજરાતમાં થયેલા ઝડપી ઔદ્યોગિકરણને અપાય છે. ઉચ્ચ સ્તરના આર્થિક વિકાસની અસર ગુજરાતમાં આરોગ્ય અને પોષણના નિર્દેશકોમાં જોવા મળે છે. આમ છતાં મિશ્ર પ્રકારની સ્થિતિ છે અને પ્રગતિ માટે નોંધપાત્ર અવકાશ છે.

૧ થી ૫ વર્ષ વચ્ચેની વય ધરાવતા બાળકો ઓછં વજન ધરાવતા અને કુંઠિત વિકાસનો ઝોક ધરાવતા હોય છે. બાળકો ઓછા વજનનાં હોવાની સાથે સાથે કુંઠિત હોય તેવું જોવા મળે છે.

# દ્વારકાનું ભવિષ્ય સાકાર કરવા તરફ

ભગવાન કૃષ્ણનું ઘર ગણાતું દ્વારકા ગુજરાત રાજ્યમાં કચ્છના અખાતના દક્ષિણ કાંઠે આવેલું છે. આ જીલ્લો સમૃધ્ધ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસો ધરાવે છે.

દ્વારકા જીલ્લાની રચના તા.૧૫ ઓગષ્ટ, ૨૦૧૩ના રોજ જામનગર જીલ્લામાંથી વિસ્તાર છૂટો પાડીને કરવામાં આવી હતી. જામનગર જીલ્લો NFHS-4 (૨૦૧૫-૧૬) મુજબ પ્રગતિશીલ જીલ્લા તરીકે જાણીતો છે. આમ છતાં પણ આ આંકડા મુજબ જીલ્લામાં આરોગ્ય અને પોષણના નિર્દેશકો સુધારવાની જરૂર છે. આ આંકડા જ્યારે એકત્રીત કરવામાં આવ્યા ત્યારે દ્વારકા જીલ્લો જામનગર જીલ્લાનો એક ભાગ હતો.



| | | ગુજરાત | જામનગર |
|---|---|---|---|
| બાળકોને આહાર આપવાની પ્રણાલિ | ૩ વર્ષથી ઓછી વય ધરાવતા બાળકોને જન્મના એક કલાકમાં જ બ્રેસ્ટ ફીડીંગ | ૪૯.૯ ટકા | ૩૫ ટકા |
| | ૬ થી ૨૩ મહિનાના બ્રેસ્ટ ફીડીંગ કરાવાતા બાળકો કે જેમને પૂરતો આહાર મળે છે | ૫.૮ ટકા | ૧૨.૪ ટકા |
| | ૬ થી ૨૩ મહિનાના કુલ બાળકો કે જેમને અપૂરતો આહાર મળે છે | ૫.૨ ટકા | ૧૧.૬ ટકા |
| બાળકોનો પોષણનો દરજ્જો | કુઠિત (ઉંમર પ્રમાણે ઓછી ઉંચાઈ) | ૩૮.૫ ટકા | ૨૭.૯ ટકા |
| | ક્ષીણ (ઊંચાઈના પ્રમાણમાં ઓછું વજન) | ૨૬.૪ ટકા | ૩૧.૩ ટકા |
| | પાંડુરોગ (એનિમીયા) (Hb<11.0 g/dl) | ૬૨.૬ ટકા | ૭૫.૭ ટકા |
| મહિલાઓમાં પોષણની સ્થિતિ | ઓછું વજન (BMI <18.5 kg/m2) | ૨૭.૨ ટકા | ૧૯.૫ ટકા |
| | અતિશય વજન (BMI ≥ 25.0 kg/m2) | ૨૩.૭ ટકા | ૨૯.૪ ટકા |
| | એનિમીક (૧૫ થી ૪૯ વર્ષની વયની તમામ મહિલાઓ) | ૫૪.૯ ટકા | ૬૩.૮ ટકા |

# માર્ગ ચિંધે છે

નયારા એનર્જીએ ગુજરાત સરકારના સહયોગથી પ્રોજેક્ટ તુષ્ટીનો પ્રારંભ કર્યો છે, જેનો ઉદ્દેશ વર્ષ ૨૦૨૨ સુધીમાં દ્વારકા જીલ્લામાં અપૂરતાં પોષણ ધરાવતા બાળકો અને મહિલાઓની સ્થિતિને શૂન્યની નજીક લાવવાનો છે. અમલીકરણમાં પોતાના સહયોગીઓ જેએસઆઈ આરએન્ડટી ઈન્ડીયા ફાઉન્ડેશન અને ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લિક હેલ્થ (IIPH), ગાંધીનગરનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા ઈન્ટીગ્રેટેડ ચાઈલ્ડ સર્વિસીસ ડેવલપમેન્ટ સ્કીમ (IDCS) સાથે સમન્વય વડે ઘનિષ્ટ પ્રયાસો હાથ ધરીને અમલીકરણ કરવાનો સમાવેશ થાય છે.

# ગુજરાત સરકાર સાથે સહયોગ

વર્ષ ની વાયબ્રન્ટ ગુજરાત સમીટમાં નયારા એનર્જીએ દેવભૂમિ દ્વારકા જીલ્લાના ૨૪૯ ગામોને પોષણના અભાવ અને પાંડુરોગથી મુક્ત કરવાની કટિબધ્ધતા વ્યક્ત કરી હતી.


# સહયોગી પ્રોજેક્ટના ઉદ્દેશો

નયારા એનર્જી દ્વારકા જીલ્લાને પોષણના અભાવથી મુક્ત કરીને પોષણના અભાવને શૂન્ય સુધી લઈ જવાની દરખાસ્ત કરે છે. આ પ્રોજેકટમાં નીચેની બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરાશે:

- પોષણમાં સુધારાની પધ્ધતિઓ અને પ્રણાલિઓને ઘનિષ્ટપણે મજબૂત કરવી તથા વિવિધ સરકારી વિભાગો સાથે સમન્વય કરીને ભિન્ન પ્રકારનાં પગલાં લેવા.
- નાના બાળકો, કિશોર વયના બાળકો અને સગર્ભા મહિલાઓ માટે આ ચાર બ્લોક તથા જીલ્લામાં પોષણ ગ્રહણ કરવાની સ્થિતિમાં સુધારો કરવો.
- કોમ્પ્રીહેન્સિવ બીહેવિયર ચેન્જ કોમ્યુનિકેશન પેકેજ થકી વર્તણૂકમાં સકારાત્મક બદલાવને પ્રોત્સાહન આપે છે.
- આઈસીડીએસ સાથે મળીને સાતત્યપૂર્વક વિકાસ થઈ શકે તેવુ ''મોડેલ, હેલ્થ અને વેલનેસ સેન્ટર'' ડીજીટાઈઝ કરવું અને વિકસાવવું તથા દયનિય સ્થિતિમાં જીવન જીવતા લોકોના પોષણ સંબંધિ માપદંડોનું મોનિટરીંગ કરવું.

# અર્થપૂર્ણ અસર


ખાસ કરીને ૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકો, કિશોર વયની કન્યાઓ તથા સગર્ભા તથા બાળકોને દૂધ આપતી મહિલાઓમાં અપૂરતા પોષણની સ્થિતિ ગંભીર જોવા મળે છે અને તેનાથી તેમના પોતાના આરોગ્ય અને સાથે સાથે તેમની પેઢીના આરોગ્ય ઉપર વિપરીત અસર થાય છે. બાળકોમાં તેમના સમગ્ર જીવન દરમ્યાન નવું શિખવાનું વલણ ના ધરાવે તેવી સ્થિતિ, નીચું કદ, ચેપ સામે પ્રતિકારની ઓછી શક્તિ અને રોગો અને મૃત્યુંનું ભારે જોખમ જોવા મળે છે.



૦ થી ૫ વર્ષની ઉંમરના બાળકો- ૫૪,૭૩૬



સગર્ભા અને બાળકોને દૂધ આપતી મહિલાઓ- ૧૨,૮૯૬




કિશોર કન્યાઓ (૧૧ થી ૧૮ વર્ષ) - ૨૭,૦૭૫



# કામગીરીમાં એકરૂપતા દ્વારા ઉર્જા

જીલ્લા વહિવટી તંત્ર, સામુદાયિક સંસ્થાઓ, સરકારી વિભાગો, આગેવાન કાર્યકરો અને નયારા એનર્જી પ્રોજેક્ટ તુષ્ટિને સફળતા મળે તેની ખાત્રી રાખશે.

## ન્યુટ્રિશનલ ઈકોસીસ્ટમનો લાભ લેવો




# નિર્માણના ઘટકો

| ગામ | | પીએચસી અને એડબલ્યુસી | રાજ્ય, જિલ્લો અને બ્લોક | |
|---|---|---|---|---|
| પ્રણાલિને મજબૂત કરવી અને તમામ સ્તરે સમન્વય | સ્ટાફનું ક્ષમતા નિર્માણ (triple “A”) સહયોગ ધરાવતું સુપરવિઝન અને તમામ સ્તરે સમીક્ષા | VHSND અને VHSNC તથા અન્ય સામુદાયિક સંસ્થાઓનું મજબૂતીકરણ કરવું | વધુ અસરકારકતા ધરાવતી દરમ્યાનગિરીઓ હાથ ધરવી | આરોગ્ય અને વેલનેસ સેન્ટરનું મજબૂતીકરણ કરવું |
| આરોગ્ય, આઈસીડીએસ અને ઉચ્ચ સ્તરે શિક્ષણથી ફીલ્ડમાં કામ કરતા લોકોમાં બહેતર સંકલન સાધી શકાશે. ઔષધોનો પૂરવઠો અને લોજીસ્ટીક્સનું આયોજન થઈ શકશે. | | સ્ટાફનું ક્ષમતા નિર્માણ અને સહયોગકારી સુપરવિઝનને પરિણામે નિયમિતતા તથા સર્વિસીસની ગુણવત્તામાં સુધારો થશે. | VHSNs અને અન્ય સામુદાયિક સંસ્થાઓ વિવિધ સર્વિસીસની સુધરેલી માંગ તથા વર્તણુંકમાં પરિવર્તન બાબતે આવેલા ફેરફારની આગેવાની લેશે. H&WCs ની સાથે સાથે VHSND ને મજબૂત કરવાના પરિણામે સર્વિસીસની ગુણવત્તા અને ગ્રહણ શક્તિમાં સુધારો થશે. | હાલની પ્રણાલિ (ICDS) મારફતે તાલિમ પામેલા આગલી હરોળના કાર્યકરો અને સમુદાયના જૂથો દ્વારા વયને અનુરૂપ યોગ્ય પ્રકારની દરમ્યાનગિરી હાથ ધરવી |

વીએચએસએનસી અને અન્ય સમૂદાય સંસ્થાનોનું સશક્તિકરણ સેવાઓ અને વર્તણૂક બદલાવની માગમાં વધારો કરશે. એચએન્ડડબલ્યુસી તેમજ વીએચએસએનડીનું સશક્તિકરણ સુવિધાઓના વપરાશ અને ગુણવત્તામાં સુધારો લાવશે. સ્ટાફ અને સહયોગાત્મક દેખરેખનું ક્ષમતા નિર્માણ નિયમિતતા લાવશે અને સેવાની ગુણવત્તામાં સુધારો કરશે. ઉચ્ચ સ્તરે આરોગ્ય, આઈસીડીએસ અને શિક્ષણનું સંયોજન ક્ષેત્રના કાર્યકર્તાઓ વચ્ચે સારું સમન્વય પ્રદાન કરશે. દવાઓનો પુરવઠા અને પરીવહનનું આયોજન થશે.

# નયારા એનર્જી અંગે

નયારા એનર્જી એ આંતરરાષ્ટ્રીયસ્તરની નવા યુગની ડાઉનસ્ટ્રીમ કંપની છે અને હાઈડ્રો કાર્બન વેલ્યુ ચેઈનમાં રિફાઈનીંગથી રિટેઈલ સુધીનાં ક્ષેત્રોમાં મજબૂત કામગીરી ધરાવે છે. કંપની ગુજરાતમાં વાડીનાર ખાતે ભારતની બીજા નંબરની સૌથી મોટી સિંગલ સાઈટ રિફાઈનરીનુ સંચાલન કરે છે, જેની હાલની ક્ષમતા વાર્ષિક ૨૦ મિલિયન મે. ટન જેટલી છે. આ રિફાઈનરીનો સમાવેશ ૧૧.૮ની કોમ્પલેક્સીટી સાથે વિશ્વની અત્યંત આધુનિક અને કોમ્પલેક્ષ રિફાઈનરીઓમાં થાય છે. જે દુનિયામાં સૌથી વધારે ગણાય છે.

# જેએસઆઈ આર અને ટી ઇન્ડિયા ફાઉન્ડેશન અને આઈઆઈપીએચજી વિષે

જેએસઆઈ આર અને ટી ઇન્ડિયા ફાઉન્ડેશન આરોગ્ય તથા કુટુંબ કલ્યાણ અને મહિલા તથા બાળ વિકાસ મંત્રાલયો, રાજયના સમકક્ષ વિભાગો, નીતિ આયોગ, અગ્રણી કંપનીઓના ઔદ્યોગિક સામાજિક જવાબદારી વિભાગો, આંતરરાષ્ટ્રીય દાતાઓ અને વૈશ્વિક સંગઠનો સાથે મળીને ભારતમાં સુધારાત્મક, વિશિષ્ટ સંદર્ભ, આરોગ્ય અને પોષણના કાર્યક્રમોના વ્યાપક અમલીકરણ માટે કાર્ય કરે છે. અમારી વિશેષતા તંત્રનું મજબુતીકરણ કરવું, ક્ષમતા નિર્માણ, એમ. અને ઈ. અને સમર્થન કાર્ય કરવામાં છે.

# ભારતીય જાહેર આરોગ્ય સંસ્થા-ગાંધીનગર (આઈઆઈપીએચજી) વિષે

ભારતીય જાહેર આરોગ્ય સંસ્થા, ગાંધીનગર, ગુજરાત સરકાર અને ભારત સરકારના જાહેર આરોગ્ય સંસ્થા વચ્ચેની ભાગીદારી છે. ભારતીય જાહેર આરોગ્ય સંસ્થા, ગાંધીનગર, વિવિધ રાજય સરકારો અને ભારત સરકાર સાથે મળીને તાલીમ, સંશોધન અને ક્ષેત્રિય કાર્ય વડે જાહેર આરોગ્ય પ્રણાલીને મજબુત બનાવવામાં કામ કરે છે. આઈઆઈપીએચજી સક્રિયપણે ભારત સરકારની “આયુષ્યમાન ભારત” પહેલ માટે ફાળો આપી રહી છે.






## ૫ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોમાંના આશરે ૪૫%નું મૃત્યુ કુપોષણ સાથે સંકળાયેલું છે.

વર્લ્ડ હૅલ્થ ઑર્ગેનાઇઝેશન, ૨૦૧૮



સારું પોષણ ધરાવતું બાળક એક તૃતિયાંશ છે જે ગરીબીમાંથી છટકી જવાની સંભાવના ધરાવે છે, તેઓ શાળામાં બહેતર કેળવણી લેશે, વધુ સ્વસ્થ બનશે અને એમનાં અર્થતંત્રોને ઉત્પાદક યોગદાતાઓ તરીકે વિકાસ પામશે. સારું પોષણ બ્રેઇનપાવર, ‘ગ્રે મૅટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર’ પૂરો પાડે છે, જે ભવિષ્યના અર્થતંત્રોનું નિર્માણ કરે છે.





NAYARA ENERGY

**રજિસ્ટર ઓફિસ**
ખંભાળીયા પોસ્ટ, પી ઓ બોક્સ ૨૪, જિલ્લો-દેવભૂમિ,
દ્વારકા-૩૬૧૩૦૫, ગુજરાત, ભારત.
ટેલી: +91-2833-661444 | ફેક્સ: +91-2833-662929

Team.CSR@nayaraenergy.com

nayaraenergy.com

/ Nayara Energy